Ontario

સમાચાર પ્રકાશન

નાણા મંત્રાલય

ઓન્ટેરિયોને સુરક્ષિત રાખવાની યોજના

ઓન્ટેરિયોનું 2026 ફૉલ ઈકોનોમિક સ્ટેટમેન્ટ (પાનખર આર્થિક નિવેદન) કામદારોને સંરક્ષણ આપવાનું, મુખ્ય ઉદ્યોગોને મજબૂત બનાવવાનું અને ભવિષ્યમાં સારા વેતનવાળી નોકરીઓ સુરક્ષિત કરવાનું ચાલુ રાખે છે

સમાચાર

ઓક્ટોબર 29, 2026

ટોરોન્ટો — આજે, નાણા મંત્રી Peter Bethlenfalvy (પીટર બેથલેનફાલ્વી)એ *2026 ઓન્ટેરિયો ઈકોનોમિક ઍન્ડ ફિસ્કલ રિવ્યુ (આર્થિક અને નાણાકીય સમીક્ષા) જાહેર કરી: ઓન્ટેરિયોને સુરક્ષિત રાખવાની યોજના,* G7 માં સૌથી સ્પર્ધાત્મક, સ્થિતિસ્થાપક અને સ્વાવલંબી અર્થતંત્રનું નિર્માણ કરતી વખતે ઓન્ટેરિયોના કામદારો, ધંધાઓ અને સમુદાયોને સુરક્ષિત રાખવાની સરકારની યોજનાને આગળ ધપાવે છે. સરકાર અદ્યતન ઉત્પાદન, મહત્વપૂર્ણ ખનીજ ખાણકામ અને શુદ્ધિકરણ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડિફેન્સ અને વધુ સહિતના વ્યૂહાત્મક ક્ષેત્રોમાં સારા વેતનવાળી નોકરીઓ આકર્ષવાના હેતુસર ટેરિફથી પ્રભાવિત મુખ્ય ઉદ્યોગોને મજબૂત બનાવવા રોકાણ કરી રહી છે.

ઓન્ટેરિયોના કામદારો, કુટુંબો અને ધંધાઓનું પ્રવર્તમાન યુ.એસ. વેપાર સંબંધિત કાર્યવાહીઓ, ભૌ-રાજકીય અસ્થિરતા અને વ્યાપક વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાથી ઉદ્ભવેલા નોંધપાત્ર પડકારોનો સામનો કરવાનું ચાલુ છે. આ પડકારો હોવા છતાં, ઓન્ટેરિયોની નાણાકીય યોજના કુટુંબો અને સમુદાયો માટે સૌથી મહત્વની અગ્રતાઓમાં રોકાણ કરવાનું ચાલુ રાખતી વખતે, બદલાતી પરિસ્થિતિઓને પ્રતિભાવ આપવાની સુગમતાને જાળવી રાખે છે. આ બાહ્ય પરિબળોને ધ્યાનમાં લેતા, ઓન્ટેરિયોના નાણાકીય મૂલ્યાંકનનું અવલોકન, જે *2026 ઓન્ટેરિયો ઈકોનોમિક ઍન્ડ ફિસ્કલ રિવ્યુ (આર્થિક અને નાણાકીય સમીક્ષા)માં રજૂ થયું,* તે વર્ષ 2029-30 માં સંતુલિત અંદાજપત્રનો અપેક્ષિત માર્ગ દર્શાવે છે.

“ઓન્ટેરિયોનું કેનેડા પર યુ.એસ. ટેરિફથી ચલિત નોંધપાત્ર આર્થિક અનિશ્ચિતતાનો સામનો કરવાનું ચાલુ છે, પરંતુ આપણી સરકાર ભવિષ્ય માટે મજબૂત અર્થતંત્રનું નિર્માણ કરતી વખતે કામદારો, ધંધાઓ અને સમુદાયોને સંરક્ષણ આપવાની યોજના ધરાવે છે,” મંત્રી Bethlenfalvy (પીટર બેથલેનફાલ્વી)એ જણાવ્યું. “અમે ભવિષ્યની નોકરીઓ આકર્ષીએ ત્યારે જવાબદાર નાણાકીય સંચાલનથી અમે મુખ્ય પ્રાંતીય ઉદ્યોગોને મજબૂત બનાવી રહ્યાં છીએ, જેનાથી મુખ્ય જાહેર સેવાઓને સંરક્ષણ મળશે અને આપણું પ્રોવિન્સ વધતા જતા અચોક્કસ વૈશ્વિક અર્થતંત્રમાં સ્પર્ધાત્મક બની રહેવાની ખાતરી કરાવશે.”

જવાબદાર નાણાકીય સંચાલન અને લક્ષિત રોકાણો કરીને, ઓન્ટેરિયો આંતરિક વેપાર અવરોધો ઘટાડીને, કામદારો અને રોજગાર સર્જકોને સહાયરૂપ બનીને, અમારી $210 બિલિયન મૂડી યોજના મારફતે મહત્વપૂર્ણ માળખાગત સગવડોમાં રોકાણ કરીને, અને વિકસી રહેલા આર્થિક પડકારોને પહોંચી વળવા જરૂરી સુગમતા જાળવીને, સ્થાનિક આર્થિક તકો મજબૂત બનાવી રહ્યું છે. સરકારની નાણાકીય યોજના ઓન્ટેરિયોના અર્થતંત્રના લાંબા-ગાળાના વિકાસ અને સ્પર્ધાત્મકતાને ટેકો આપવાની સાથે સાથે આગળ વધારતો ટકાઉ માર્ગ જાળવી રાખે છે.

2026 ફૉલ ઇકોનોમિક સ્ટેટમેન્ટ (પાનખર આર્થિક નિવેદન)ની ઝાંખીઓમાં સામેલ છે:

- ઓન્ટેરિયોના બહુ-વર્ષીય ટેક્સ એક્શન પ્લાનનો ભાગ એવા, ઓન્ટેરિયોની સ્પર્ધાત્મક કર કપાત મારફતે, ઓન્ટેરિયોની સ્પર્ધાત્મકતા મજબૂત બનાવવી. આ પગલાથી પ્રોવિન્સની કર રાહતમાં $8 બિલિયન મળશે, જે સંઘીય ઘોષિત ઉત્પાદકતા વિશાળ ઘટાડો (ફેડરલી ડિક્લેર્ડ પ્રોડક્ટિવિટી મેગા ડિડક્શન)નો પ્રાંતીય ઘટક છે, જેનાથી ધંધાઓને બહોળી શ્રેણીની સંપત્તિઓનું મૂલ્ય કાયમી ધોરણે 100 ટકા રાઇટ-ઑફ (ખર્ચ તરીકે દર્શાવીને બાદ) તાત્કાલિકપણે કરવા દેવાથી ધંધાકીય રોકાણનો ખર્ચ ઘટશે. સંઘીય કાયદો પસાર થયા પછી, આ પગલાથી પ્રોવિન્સમાં વધારાનું ઓછામાં ઓછું $11 બિલિયનનું મૂડી રોકાણ આકર્ષાય તેવો અંદાજ છે, જેનાથી 30,000 નવી નોકરીઓ ઊભી થશે અને કુલ સ્થાનિક ઉત્પાદ (ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ - જીડીપી)માં $6 બિલિયનનો ઉમેરો થશે. *2026 બજેટ*માં સમાવેલા ઝડપી રાઇટ-ઑફ પગલાઓ સાથે મળીને, આનાથી આગામી પાંચ વર્ષોમાં ધંધાકીય રોકાણને ટેકો આપવામાં ઓન્ટેરિયોની કુલ કર રાહત $12 બિલિયનથી વધી જશે.
- ઓન્ટેરિયોના સ્ટીલ, ઓટોમોટિવ અને મહત્વપૂર્ણ ખાણ-ખનીજ ક્ષેત્રોને મજબૂત બનાવવા નવા $8.7 બિલિયનના કેનેડા-ઓન્ટેરિયો એક્શન પ્લાનથી પ્રોવિન્સનો ઔદ્યોગિક પાયો મજબૂત બનાવવાની અને નોકરીઓ અને રોકાણો આકર્ષવાની પ્રક્રિયા ચાલુ રાખવી. આ યોજનાથી યુ.એસ. ટેરિફથી પ્રભાવિત કામદારો અને ધંધાઓને સંરક્ષણ આપવામાં, મુખ્ય ઉદ્યોગોના આધુનિકીકરણને ટેકો આપવામાં, મહત્વપૂર્ણ ખનીજ વિકાસ આગળ વધારવામાં અને ઓન્ટેરિયોને ભવિષ્યના ઉદ્યોગોમાં સ્પર્ધાત્મક બનાવવા તૈયાર કરવામાં મદદ મળશે, જેમાં અદ્યતન ઉત્પાદન, ડિફેન્સ, ઊર્જા, ઇલેક્ટ્રિક વાહનો અને વ્યૂહાત્મક માળખાગત સગવડો સામેલ છે. સ્થાનિક પુરવઠો સાંકળ બનાવીને, બજાર તકો વિસ્તારીને અને મોટા રોકાણોને ટેકો આપીને, ઓન્ટેરિયો વધારે સ્પર્ધાત્મક, સ્થિતિસ્થાપક અને સ્વ-નિર્ભર અર્થતંત્રનું નિર્માણ કરી રહ્યું છે.
- નિયમનકારી બોજો ઘટાડીને અને ધંધાઓ માટે મંજૂરીઓને વેગ આપીને G7 માં સૌથી સ્પર્ધાત્મક અર્થતંત્રનું નિર્માણ કરવા બિનજરૂરી અમલદારશાહી દૂર કરવી. આમાં પ્રોવિન્સના દરેક ધંધાકીય અડચણ ઊભા કરતા 375 પરવાનાઓની સમીક્ષા કરવાની કટિબદ્ધતા સામેલ છે, જેમાં 2028 નાં અંત સુધીમાં 35-50 ટકા પરવાનાઓ નાબૂદ કરવાનું, તેને સરળ બનાવવાનું કે તેમાં પરિવર્તન લાવવાનું લક્ષ્ય છે. પહેલા વર્ષમાં, સરકારે 375 ધંધાકીય અડચણ ઊભા કરતા પરવાનાઓમાંથી 51 ટકાની સમીક્ષા અગાઉ કરી લીધી છે, જેમાંથી તેઓએ સમીક્ષા થયેલા 65 ટકા જેટલા પરવાનાઓ નાબૂદ કર્યા છે, સરળ બનાવ્યા છે અથવા તેમાં ફેરફાર કર્યો છે. ઓન્ટેરિયો આશરે 220,000 દિવસોના પરવાના પ્રક્રિયાકરણ સમયગાળાને પણ નાબૂદ કરી રહ્યું છે, જેનાથી મહત્વપૂર્ણ માળખાગત પ્રોજેક્ટ્સના અમલીકરણમાં વેગ આવશે અને શ્રમજીવીની સ્થળાંતરશીલતાને ટેકો મળશે.

- એપ્રિલ 2025 થી કામદારો અને ધંધાઓ માટે ટેરિફ રાહત અને ટેકો આપવામાં આશરે $30 બિલિયનની ઘોષણા કરીને ત્વરિત પગલાઓ ભર્યા, જેમાં લાંબા-ગાળાની આર્થિક સ્થિતિસ્થાપકતા અને સમૃદ્ધિનું નિર્માણ કરવા પગલાઓ લેવાનો સમાવેશ થાય છે. આમાં પસંદ કરેલા પ્રોવિન્સ અધીન કરો માટે, એપ્રિલ 1 થી ઓક્ટોબર 1, 2025 સુધીના છ મહિનાનો વ્યાજ અને દંડ રહિતનો સમયગાળો સામેલ છે, જે નાણાકીય દબાણો હળવા કરવામાં મદદ માટે લગભગ 80,000 જેટલા ધંધાઓને $9 બિલિયનની તરલતા રાહત (લિક્વિડિટી રીલિફ) ઉપલબ્ધ કરાવશે. સરકારે ઓન્ટેરિયો ટુગેધર ટ્રેડ ફંડ (OTTF) અને પ્રોટેક્ટ ઓન્ટેરિયો ફાઈનાન્સિંગ પ્રોગ્રામ (POFP) માટેની પાત્રતા પણ વિસ્તારી છે જેનાથી ધંધાઓને પોતાના દરવાજાઓ ખુલ્લા રાખવામાં, કામદારોને નોકરી પર રાખવામાં અને તેઓની પુરવઠા સાંકળોને સ્થળાંતરિત કરવામાં મહત્વપૂર્ણ ટેકો મળી રહેશે.
- તાજેતરના સંઘીય સુધારાઓના સમાનાંતરે, ઓન્ટેરિયો રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ ટેક્સ ક્રેડિટ અને ઓન્ટેરિયો ઈનોવેશન ટેક્સ ક્રેડિટ હેઠળ મૂડી ખર્ચને પાત્ર ખર્ચ તરીકે પુનઃસ્થાપિત કરીને સંશોધન અને વિકાસ માટે ટેકો વધારવો. આનાથી આગામી ત્રણ વર્ષોમાં વધારાની કર સહાયમાં $50 મિલિયનથી વધારે મળવાનો અંદાજ છે, જે આશરે 700 ધંધાઓ માટે R&D (સંશોધન અને વિકાસ) ખર્ચ ઘટાડવામાં મદદરૂપ બનશે.
- જવાબદાર નાણાકીય સંચાલન અને અવિરત ચાલુ પ્રયત્નો મારફતે જવાબદાર કરદાતાઓના ડોલર્સનો આદર કરીને સરકારી કાર્યક્ષમતા સુધારવી, દેખરેખ મજબૂત બનાવવી અને વહીવટ બોજો ઘટાડવો. સરકારી પગલાઓમાં કાર્યક્ષમતાઓ ઓળખવા, ક્ષતિઓ, બગાડ, દુરુપયોગ અને છેતરપિંડી ઘટાડવા, અને રોકાણ પરિણામો સુધારવા અને સંસાધનો ઓન્ટેરિયોના કુટુંબો અને ધંધાઓ માટે ઉચ્ચ-ગુણવત્તાની જાહેર સેવાઓ વિતરિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરતી હોવાની ખાતરી કરવા, અગ્રતા કાર્યક્રમો અને સેવાઓની સમીક્ષા કરવાનો સમાવેશ થાય છે.
- ઓન્ટેરિયો કોમ્પ્યુટર એનિમેશન ઍન્ડ સ્પેશિયલ ઈફેક્ટ્સ (OCASE) ટેક્સ ક્રેડિટ માટેની પાત્રતા અદ્યતન કરવાની દરખાસ્ત મૂકીને ઓન્ટેરિયોના ફિલ્મ અને ટેલિવિઝન ક્ષેત્રને ટેકો આપવો. સહાય પ્રક્રિયા વધારે કાર્યક્ષમ બનાવવા અને 18 ટકાની રિફંડપાત્ર કોર્પોરેટ ઈન્કમ ટેક્સ ક્રેડિટ સુધી પહોંચને સરળ બનાવવા, સરકાર આ ક્રેડિટ મેળવવાની પાત્રતા માત્ર ફિલ્મ અને ટેલિવિઝન નિર્માતાઓ સુધી મર્યાદિત કરવાની દરખાસ્ત મૂકી રહી છે. આ દરખાસ્ત હેઠળનો અભિગમ અન્ય કેનેડિયન અધિકારક્ષેત્રો સાથે વધારે ઘનિષ્ઠપણે સુસંગત રહેશે અને તેનાથી ઓન્ટેરિયોમાં સ્પેશિયલ ઈફેક્ટ્સ અને એનિમેશન કામગીરીઓને ટેકો મળવાનું ચાલુ રહેશે.

ઝડપી હકીકતો

- પ્રવર્તમાન આર્થિક અનિશ્ચિતતાઓ હોવા છતાં, ઓન્ટેરિયોનું અર્થતંત્ર વિકસવાનું ચાલુ રહેવાનો અંદાજ છે, જેમાં વાસ્તવિક GDP 2026 માં 0.5 ટકા જેટલો અને 2027 માં 1.5 ટકા જેટલો વધે તેવો અંદાજ છે.
- ઓન્ટેરિયોની નાણાકીય યોજનામાં લચીલાપણું જાળવવા અને પડકારમય આર્થિક પરિસ્થિતિઓને પહોંચી વળવા વધારાની સાવચેતીઓ સામેલ છે. ખાધ 2029-30 માં સંતુલિત થાય તે પહેલાં, $16.9 બિલિયન જેટલી 2026–27 માં, $12.7 જેટલી 2027-28 માં અને $6.7 બિલિયન 2028–29 માં રહે તેવો અંદાજ છે.

- સ્પર્ધાત્મકતા અને નવીન શોધ મજબૂત બનાવવા $90 મિલિયનથી વધારે રોકાણો કરીને ઓન્ટેરિયોના વન ક્ષેત્રને ટેકો આપવો, જેની સાથે સાથે ફોરેસ્ટ બાયોમાસ (વન ઘનીકરણ) પ્રોજેક્ટ્સ માટે ટેકો આપવામાં $86 મિલિયન ઉપરાંત રોકવા જે સમગ્ર પ્રોવિન્સમાં લાકડાના લાંબા-ગાળાના ઉપયોગને સુરક્ષિત કરે છે અને તેમાં વધારો કરે છે.
- ઓન્ટેરિયોએ પોતાના દેવાના બોજાને કાબૂમાં રાખવામાં પ્રગતિ કરવાનું ચાલુ રાખ્યું છે, જેમાં ચોખ્ખું દેવું સામે GDP નું પ્રમાણ સમગ્ર મૂલ્યાંકન સમયગાળામાં સરકારના 40 ટકા લક્ષ્યાંકથી નીચે રહે તેવો અંદાજ છે.
- વર્ષ 2026-27 માં $12.5 બિલિયનથી વધારે સહાય પૂરી પાડીને કુટુંબો અને વ્યક્તિઓ માટે ખર્ચાઓનું ભારણ ઘટાડવું, જેમાં આવાસ, શિક્ષણ, પરિવહન અને વાહનવ્યવહાર, ઊર્જા પરવડે તેવી ઉપલબ્ધતા, બાળ સંભાળ અને કૌટુંબિક લાભો, અને નબળી વસ્તીઓ માટે ટેકો સામેલ છે.
- સરકાર *2027 બજેટ* અને ઓન્ટેરિયોનું સંરક્ષણ કરવાની, અર્થતંત્ર વિકસાવવાની, મહત્વપૂર્ણ માળખાગત સગવડોનું નિર્માણ કરવાની અને વધારે સારી સેવાઓ પહોંચાડવાની પોતાની યોજનાનો આગામી તબક્કો જણાવવામાં મદદ મેળવવા આ નવેમ્બરમાં સલાહ-મસલતો શરૂ કરશે.

વધારાના સંસાધનો

વાંચો, *2026 ઓન્ટેરિયો ઇકોનોમિક એન્ડ ફિસ્કલ રિવ્યુ (આર્થિક અને નાણાકીય સમીક્ષા) – ઓન્ટેરિયોને સુરક્ષિત રાખવાની યોજના*

વાંચો, *ઓન્ટેરિયોને સુરક્ષિત રાખવાની યોજનાની ઝાંખીઓ*

વાંચો *બેકગ્રાઉન્ડર (પશ્ચાદભૂ માહિતી): આર્થિક અને નાણાકીય સમીક્ષા*

વાંચો, *2026 ઓન્ટેરિયો બજેટ: ઓન્ટેરિયોને સુરક્ષિત રાખવાની યોજના*

મીડિયા સંપર્ક

Sarah Chapin
મિનિસ્ટર Bethlenfalvy (બેથલેનફાલ્વી)ની ઑફિસ
Sarah.Chapin@ontario.ca

Scott Blodgett (સ્કૉટ બ્લોજેટ)
કોમ્યુનિકેશન્સ બ્રાંચ
Scott.Blodgett@ontario.ca

news.ontario.ca/mof/en
Disponible en français